**DATE: 25/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

## બ્લોકની ફેક્ટરીમાં નોકરી કરતો હતો

# ઝઘડિયામાં મોબાઈલની ધાપ મારનારો કામરેજથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઝઘડિયા ચાર રસ્તા પર આવેલી ભવાની મોબાઈલની દુકાનની જાળી તોડી 87 હજારની કિંમતના મોબાઈલ ફોન ચોરીના ગુનામાં આરોપીની કામરેજ નજીક આવેલી એક કંપનીમાંથી એલસીબીએ ધરપકડ કરી છે. ભરૂચ એલસીબીના પીએસઆઇ તોરાણી તથા તેમની ટીમ ચોરીના ગુનાનો ભેદ ઉકેલવામાં લાગી હતી. તે સમયે તેમને બાતમી મળી હતી કે, ઝઘડિયાની ચોરીમાં સંડોવાયેલો તસ્કર કામરેજમાં ગિરિરાજ હોટલની બાજુમાં આવેલી મંગલદીપ બ્લોક ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરી રહયો છે. એલસીબીની ટીમે દરોડો પાડીને વિકાસ રાઉતને ઝડપી લીધો હતો. તેની પૂછપરછ કરતાં તેણે ઝઘડિયામાં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. તેની પાસેથી બે મોબાઈલ કબજે લેવાયાં છે.

**DATE: 25/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

# અંકલેશ્વરમાં બૂટલેગર ઝડપાયો

**અંકલેશ્વર** । જીઆઈડીસી પોલીસની ટીમ આગામી 31 ડિસેમ્બર અનુલક્ષી ને પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી આધારે કોસમડી ગામ ખાતે આવેલ સાંઈ વાટિકા સોસાયટીમાંરહેતા બુટલેગર મયુર મોરેના ઘરે દરોડા પાડ્યા હતા. જ્યાં ઘરમાં સંતાડેલી દારૂની 18 બોટલ મળી આવી હતી.પોલીસે કુલ 3600 રૂપિયા ના દારૂ ના જથ્થા સાથે બુટલેગર ની ધરપકડ કરી વધુ પૂછપરછ આરંભી હતી. આ બુટલેગર અગાઉ ઘણી વખત પ્રોહિબીશનના ગુનામાં જેલની હવા ખાઈ આવ્યો છે·

**DATE: 25/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 02**

# અંકલેશ્વરમાં જુગાર રમતા 7 જુગારી ઝડપાયા

ભાસ્કરન્યૂઝ।અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં ક્નોરીયા કંપની સામે આવેલી ખુલ્લી જગ્યામાં જુગાર રમાય રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરતા જુગાર રમતા ને ઝડપી લીધા હતા એલસીબી પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા 13.700 અને 7 નંગ મોબાઈલ મળી કુલ રૂપિયા 35.700 નો મુદ્દામાલ કબ્જે કરી તેઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 25/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 01**

### ભરૂચ જિલ્લાની 6 જીઆઇડીસીમાં પોલીસ ટીમોએ કોમ્બિંગ હાથ ધર્યું

# બૂટલેગરો થર્ટી ફર્સ્ટ માટે દારૂનો જથ્થો ન સંતાડે તે માટે ગોડાઉનોની તપાસ કરાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં એસપીની સૂચનાથી તહેવારોને લઇને જિલ્લાની તમામ જીઆઈડીસીઓ તેમજ રહેણાંક વિસ્તારમાં રવિવારે રાત્રિના સમયે કોમ્બિંગ હાથ ધરવામાં આવી હતી. રાત્રીભર ચેકિંગ કર્યા બાદ પોલીસે કેટલાં કેસ કર્યાં તે સોમવારે જાહેર કરવામાં આવશે.

ભરૂચ જિલ્લા પોલીસ વડા



મયુર ચાવડા દ્વારા તહેવારોમાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને અસમાજિક પ્રવૃતિઓ અટકાવવા માટે આપેલ સૂચનાને ધ્યાનમાં રાખી ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા ભરૂચ-અંકલેશ્વર, દહેજ, જંબુસર અને ઝઘડિયા -પાનોલી સહિત ઔદ્યોગિક વસાહતમાં મેગા કોમ્બિંગ હાથ ધર્યું છે. જેમાં જિલ્લાભરના પોલીસ કર્મીઓને જોતરી દેવાયાં છે. એક અધિકારી સાથે 6 કર્મીઓની ટીમો તૈયાર કરવામાં આવી છે. જેઓ ઔદ્યોગિક વસાહત તેમજ રહેણાંક વિસ્તારમાં ચેકિંગ હાથ શરૂ કરાયું છે. ઉપરાંત વાહન ચેકિંગ પણ કરવામાં આવી રહ્યું છે. જેથી કે કોઈ વાહનની આડમાં દારૂ કે અન્ય કોઈ ગુનાઈત વસ્તુની હેરાફેરીને અટકાવી શકાય. પોલીસની વિવિધ ટીમો દ્વારા આખી રાત્રી કોમ્બિંગ કરવામાં આવશે. ભાડૂઆત નોંધણી, નાગરિકતા સહિતની તમામ બાબતોની ચકાસણી કરવામાં આવશે.

**DATE: 26/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### ભરૂચ જિલ્લામાં મોબાઇલ આંચકી લેવાના બનાવો વધતાં પોલીસ સક્રિય

# અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ નજીકથી ચોરીના મોબાઈલ સાથે તસ્કર સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ અને અંકલેશ્વરમાં મોબાઈલ ચોરીના વધી રહેલાં ગુનાઓના કારણે પોલીસ સતર્ક બની છે. બાઈક પર આવતાં ગઠિયાઓ હાથમાંથી મોબાઈલ આંચકી ફરાર થઈ જતાં હોય છે. મોબાઈલ ચોરોને ઝડપી પાડવા માટે પોલીસની ટીમે સઘન વોચ ગોઠવી હતી અને એલસીબીએ થોડા સમય પહેલાં રાજપારડી નજીકથી એક તસ્કરને મોબાઈલ વેચવાની ફિરાકમાં ફરી રહયો હતો તે સમયે ઝડપી પાડયો હતો. હવે અંકલેશ્વરથી વધુ એક તસ્કરને ઝડપી લેવાયો છે. મહાવીર ટર્નીંગ પાસે કાળા રંગની ટીશર્ટ પહેરેલો યુવાન શંકાસ્પદ હિલચાલ કરી રહયો હોવાની બાતમી મળતાં પોલીસે સ્થળ પર પહોંચી તેને ઝડપી લીધો હતો. તેની અંગજડતી લેતાં તેમાંથી એક ફોન મળ્યો હતો જે બાબતે તેની પૂછપરછ કરતાં તે ફોન ચોરીનો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે અંકલેશ્વરના નવા દીવા રોડ પર રહેતાં કૈલાસ અખાડેની અટકાયત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ભરૂચના કલામંદિર જવેલર્સ પાસેથી તથા કોલેજ રોડ પરથી મોબાઈલ ચોરીની બનેલી ઘટનામાં તસ્કરોને ઝડપી લેવાયાં હતાં. આમ ટૂંકા ગાળામાં 3 મોબાઈલ તસ્કરો પોલીસ સકંજામાં આવ્યાં છે.



**DATE: 26/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 01**

### 31 ડિસેમ્બર પૂર્વે ખાસ કાર્યવાહી, 6 જીઆઇડીસી આવરી લેવામાં આવી

# ભરૂચ જિલ્લામાં મેગા કોમ્બિંગ, એક રાતમાં જ 2087 ગુના દાખલ કરાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ/અંકલેશ્વર

અંકલેશ્વર પાનોલી સહીત જિલ્લાની 7 થી વધુ ઔદ્યોગિક વસાહત માં કોમ્બિંગ કરાયું હતું.

ભરૂચ પોલીસ દ્વારા 31 ડિસેમ્બર પૂર્વે કોમ્બિંગ હાથ ધરાયુ હતું ઔદ્યોગિક વસાહતમાં નાઈટ કોમ્બિંગનું આયોજન ભરૂચ, અંકલેશ્વર, દહેજ, પાનોલી, જંબુસર તેમજ ઝઘડિયામાં 10 પોલીસ સ્ટેશનોના 230 થી વધુ સ્ટાફે કોમ્બિંગ હાથ ધરી 2087 ગુના દાખલ કર્યા હતા. ભરૂચ એલસીબી,એસ.ઓ.જી, પેરોલ ફ્લો, ક્યુ.આર.ડી, બોમ્બ સ્કોડ,ટ્રાફિક પોલીસ સાથે એ, બી, સી ડિવિઝન, તાલુકા અને મહિલા પોલીસ સ્ટેશન સહિતની ટીમો દ્વારા મેગા કોમ્બિંગ હાથ ધર્યું હતું.જેમાં જિલ્લાના 10 પોલીસ સ્ટેશનની 10 ટીમ,24 પી.આઈ.,23 પી.એસ.આઈ સહીત 235 થી વધુ પોલીસ જવાનોએ સર્ચ હાથ ધર્યું હતું. ભરૂચ સી ડિવિઝન વિસ્તાર, દહેજ પોલીસ સ્ટેશનની હદ વિસ્તાર તેમજ અંકલેશ્વર જી.આઈ.ડી.સી., પાનોલી, જંબુસર વિસ્તારમાં મેગા કોમ્બિંગમાં વાહનોના કાફલા સાથે જિલ્લા પોલીસની ટીમોએ સર્ચ હાથ ધર્યું હતું. જેમાં 2087 ગુનાઓ દાખલ કરાયા હતા. સાથે જ જાહેરનામનો ભંગ કરી મકાન-દુકાન ભાડે આપનાર 72 મિલકત માલિકો સામે ગુનો દાખલ કરાયો હતો. જ્યારે 104 વાહન જપ્ત કરવામાં આવ્યા હતા. પોલીસ કોમ્બિંગમાં 57 પીધેલાઓને પણ લોક અપ ભેગા કર્યા હતા. જ્યારે બી રોલ ના 239 કેસ,સ્થળ દંડ 16 હજાર, ગોડાઉન વેરહાઉસ અને બંધ કંપની ચેકના 293 કેસ નોંધાયા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે, ભરૂચ જિલ્લામાં સમયાંતરે પોલીસ દ્વારા મેગા કોમ્બિંગ કરવામાં આવી રહયું છે.

**DATE: 26/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 10**

### ગણતરીના સમયમાં બાળાને શોધી કાઢતી પોલીસ

# ભરૂચ તાલુકામાં સગીરાનું લગ્નની લાલચે અપહરણ

| ભરૂચ |

ભરૂચ તાલુકામાં સગીરાનું લગ્નની લાલચે અપહરણ કરાયાં પોલીસે ગણતરીના સમયમાં બાળાને શોધી કાઢી આરોપી વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી.

આ બનાવ અંગે ભરૂચ ગ્રામ્ય પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધવામાં આવી હતી જે અંગેની તપાસ ભરૂચ જિલ્લા પોલીસવડાના માર્ગદર્શન હેઠળ પીઆઈ આર.જી.પઢીયાર અને તેમની ટીમ દ્વારા શરૂ કરવામાં આવી હતી.

રૂરલ પોલીસ દ્વારા હ્યુમન ઈન્ટેલીજન્સી તથા ટેકનીકલ સર્વેલન્સના આધારે ભોગ બનનાર બાળાની માહિતી મેળવા પોલીસ કર્મચારીઓની ટીમ બનાવવામાં આવી હતી. ભોગ બનનાર બાળાને તેજ ગામના બળવંત ઉર્ફે બલ્લુ છત્રસંગ રાઠોડ અપહરણ કરી ગયો હોવાનું જાણવા મળેલ હતુ. ભરૂચ તાલુકા પોલીસને મળેલી આ માહિતી પરથી પોલીસે આ બનાવના આરોપી અને સગીરને ઘોઘાવાડા ગામ જિલ્લા ખેડાથી શોધી કાઢયા હતા અને ભરૂચ ગ્રામ્ય પોલીસ ખાતે લઈ આવ્યા હતા. સગીર બાળાને મહિલા કોન્સ્ટેબલ સાથે રાખી કાઉન્સીલીંગ કરી બાળાના માતા-પિતાને સોંપવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

**DATE: 27/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 01**

### 2 લાખની સિમેન્ટ સહિત 14 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

# મહારાષ્ટ્રથી બિલ્ટી વગર લવાયેલી સિમેન્ટની 500 ગુણ પોલીસે જપ્ત કરી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



ભરૂચ એસઓજીની ટીમને મળેલી માહિતી મુજબ અંકલેશ્વર શહેર વિસ્તારમાં ખાપર નંદુરબાર મહારાષ્ટ્ર ખાતેથી ટ્રકમાં વગર બીલ-બિલ્ટીની શંકાસ્પદ સિમેન્ટની ગુણો ચૌટા બજાર ખાતે આવનાર છે. જેથી ટીમે વોચ ગોઠવી ટ્રક આવતા તેને રોકી ચેક કરતા તેમાં અલ્ટ્રાટેક સિમેન્ટની બેગ નંગ-500 મળી આવી હતી. આ સિમેન્ટની બેગોના ખરીદ બીલ કે આધાર પુરાવા બાબતે તેના ચાલક મુઝાહિદહુશેન ગુલામહુશેન મકરાણીને પુછતા તેણે સંતોષકારક જવાબ આપ્યો ના હતો. અને ગલ્લા ટલ્લા કરવા લાગ્યો હતો. પોલીસે 2 લાખની સિમેન્ટ સહિત 14 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.ટ્રકના ચાલક સામે પણ સી.આર.પી.સી કલમ 41(1) ડી મુજબ તપાસ કરવામાં આવી રહી છે.

**DATE: 27/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 09**

### દેશી દારૂના કારબા જમીનમાં દાટી વેપલો કરતા હતા

# કનગામ ગામે દેશી દારૂની ભઠ્ઠીઓ પર પોલીસની તવાઈ

। જંબુસર ।

કાવી પોલીસ સ્ટેશન વિસ્તાર ના કનગામ ગામે દેશી દારૂની ભઠ્ઠીઓ ચાલતી હોવાની બાતમીના આધારે પીએસ આઈ વૈશાલી આહીર તેમજ પોલીસ સ્ટાફે રેડ કરી બુટલેગરોએ દેશી દારૂના કારબા જમીનમા દાટી ને વેપલો કરતા કરતા મળી આવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

જંબુસર તાલુકાના કનગામ ગામે દેશી દારૂનો અડ્ડો ચાલતો હોય અને દારૂ ના વેપલા માટે જમીનમાં કારબા ઉતાર્યા હોવાની બાતમી કાવી પોલીસ મથક ના પોલીસ સબ ઈન્સપેક્ટર વૈશાલી આહીર ને મળતા તેઓ એ પોલીસ સ્ટાફ સાથે કનગામ ગામે ધસી ગયા હતા.કનગામ ગામે અવાવરૂ જગ્યાએ બુટલેગરે દેશી દારૂની ભઠ્ઠી ચલાવતો હોય અને દેશી દારૂનો જથ્થો સંગ્રહ કરવા માટે જમીનમાં પ્લાસ્ટિક ના કારબાઓ ઉતારી દારૂનું વેચાણ કરતો હોવાનુ જણાઈ આવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર વૈશાલી આહીર તથા સ્ટાફેતમામ દેશી દારૂના ભઠ્ઠાઓ અને કારબાઓનો નાશ કરી બુટલેગરો ઉપર તવાઈ બોલાવતા કાવી પંથકમા દારૂ નો વેપલો કરતા તત્વો મા ફફડાટ વ્યાપી ગયો છે.

### કાવી પંથકમા દારૂનો વેપલો કરતા તત્વોમાં ફફડાટ

**DATE: 27/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 09**

### પ્રોહિબીશનનાં ગુના હેઠળ નાસતો ફરતો હતો

# અઢી માસથી વૉન્ટેડ આરોપીને ઉમલ્લા પોલીસે ઝડપી લીધો

। ઝઘડિયા ।

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ઉમલ્લા પોલીસે છેલ્લા અઢી માસથી પ્રોહિબીશનના ગુના હેઠળ વોન્ટેડ આરોપીને ઝડપી લીધો હતો.

બનાવની પોલીસ સુત્રોએ આપેલી માહિતી અનુસાર ઉચ્ચ અધિકારીઓ તરફથી ભરૂચ જિલ્લામાં નાસતાફરતા વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા અસરકારક કામગીરી કરવા જિલ્લાના પોલીસ વિભાગને સુચનાઓ આપવામાં આવેલ, તેના અનુસંધાને ઉમલ્લા પોલીસ દ્વારા નાસતાફરતા આરોપીઓને શોધી કાઢવા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન ઉમલ્લા પોલીસને બાતમી મળેલ કે ઉમલ્લા પોલીસ સ્ટેશનમાં નંધાયેલ પ્રોહિબિશનના ગુના હેઠળ છેલ્લા અઢી મહિનાથી વોન્ટેડ અને પોલીસ પકડથી દુર રહેલ નાસતોફરતો આરોપી રસીકભાઈ ઉર્ફે ટીનીયો રામસંગભાઈ વસાવા રહે.ગામ પાણેથા, તા. ઝઘડિયા, જિ.ભરૂચના પાણેથા ગામે પોતાના ખેતરે આવવાનો છે.

ઉમલ્લા પીએસઆઈ એ.એન. ચૌધરીએ ટીમ સાથે મળેલ બાતમી મુજબના સ્થળ નજીક વોચ ગોઠવી હતી અને બાતમી મુજબનો ઈસમ આવતા સદર ઈસમને પકડી લીધો હતો,અને આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આરોપીની વધુ તપાસ હાથ ધરી છે.

**પાણેથા ગામે ખેતરમાંથી દબોચી લીધો**

**DATE: 27/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### આરોપીઓ ખરોડ અને કાપોદ્રાના રહેવાસી

# પાનોલીમાંથી ટેમ્પો ઉઠાવી જનારા 3 તસ્કરો ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

17 ડિસેમ્બરના રોજ અંકલેશ્વર નિયમ ચોકડી નજીક રહેતા જય કણસાગરાએ પોતાની માલિકીનો આઈસર ટેમ્પો તેના મિત્ર હદીશઅન્સારી નેભાડે આપ્યો છે. જે ટેમ્પો તેના ચાલક શિવપૂજન યાદવ ચલાવી રહ્યો છે. થોડા દિવસ પહેલાં તેણે પાનોલી જીઆઈડીસીમાં આવેલ સકાટા ચોકડી પાસે માર્ગની બાજુમાં આઈસર ટેમ્પો પાર્ક કરી ઘરે ગયો હતો. સવારે 5 વાગ્યે તે ટેમ્પો લેવા માટે આવતાં ટેમ્પો ગાયબ જણાયો હતો.પાનોલી પોલીસે 7 લાખની કિમંતના ટેમ્પાની ચોરીની ફરિયાદ નોંધી તપાસ આદરી હતી. બાતમીના આધારે પોલીસે ખરોડના રહેવાસી નવસાદ અહમદ નાવિદ અહમદ સિદ્દીક , મોહમ્મદ સદાક્ત હુસેન ઈસ્માઈલ અનસારી તેમજ કાપોદ્રાના દિલખુશ રાજ મોહમ્મદ સાદિક અન્સારીને ઝડપી પાડી આઈસર ટેમ્પો કબજે લીધો હતો.

**DATE: 29/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 07**

### કનગામ ગામે રહેતી પરિણીતાને કનડગત

# છેડતી કરનારા બે ઈસમોને પોલીસે કલાકોમાં ઝડપ્યા

। જંબુસર ।

જંબુસર તાલુકાના કનગામ ગામે રહેતી પરણિતાના ઘરમા યુવક તેના અન્ય મિત્ર સાથે ઘુસી જઈ છેડતી કરતાં પરણિતાએ કાવી પોલીસ મથકે રાવ ગુજારતા પોલીસે ગણતરીના કલાકમા જ બંને દબોચી લીધા હતા.

કાવી પોલીસ મથકે થી પ્રાપ્ત માહિતી અનુસાર ૨૭ વર્ષીય પરણિતા તેના ઘરે હતી ત્યારે કનગામ ગામે રહેતો બળવંત અશોક રાઠોડ તથા મનોજ કિરણ રાઠોડ પરણિતાના ઘરમાં ઘુસી ગયા હતા. અને બળવંત રાઠોડે પરણિતા નો હાથ પકડી ને ઘરમાં બેડરૂમ તરફ ખેંચી લઈ જઈ સેટીમાં સુવડાવી દઈ શારીરિક છેડછાડ કરી હતી. અને બળવંત રાઠોડે જો આ બાબતે કોઈને પણ કંઈપણ જાતની વાત કરશે કે ફરીયાદ કરશે તો તારા વિશે ખરાબ સમાચાર છાપીને બદનામ કરવાની તથા પરણિતાના પતિને તેણી ના વિશે ખરી-ખોટી હકિકત જણાવીને તેણીનુ ઘર ભંગાવી નાખવાની ધમકી આપી હતી. જે બાબતે પરણિતાએ કાવી પોલીસ મથકના મહિલા પોલીસ સબ ઈન્સપેક્ટર વૈશાલી આહીર સમક્ષ પોતાની આપવીતી વર્ણવતા પોલીસે બળવંત રાઠોડ તથા મનોજ રાઠોડને દબોચી જેલભેગા કર્યા હતા.

**DATE: 29/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### રિક્ષા અને દારૂ સહિત 1.11 લાખનો મુદ્દામાલ જપ્ત

# હાઈવે પરથી દારૂને સગેવગે કરતા બે ખેપિયા સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીએ રીક્ષામાં લઈ જવાતો 51 હજાર રૂપિયાનો દારૂ ઝડપી પાડ્યો હતો. લકઝરી બસમાંથી હાઈવે પર ઉતારવામાં આવેલાં દારૂના જથ્થાને રીક્ષામાં અન્ય સ્થળે લઈ જવાઈ રહયો હતો ત્યારે પોલીસે દરોડો પાડયો હતો. અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર 48 ઉપર મોતાલી પાટીયા પાસે લકઝરી બસમાંથી દારૂનો જથ્થો ઉતારી તેને રીક્ષામાં સગેવગે કરવામાં આવનાર હોવાની બાતમી મળતાં વોચ ગોઠવવામાં આવી હતી. રીક્ષામાં દારૂ ભરીને તેને ભરૂચ લઈ જવાની હતી. મોતાલી ગામ નજીક ગોઠવેલી વોચ દરમિયાન બાતમી મુજબની રીક્ષા આવતાં તેને રોકી તલાશી લેવામાં આવતાં તેમાંથી દારૂ તથા બિયરનો 51 હજારનો જથ્થો મળી આવ્યો હતો. અભિષેક ભીલ અને મેહુલ વસાવાને ઝડપી પાડી રીક્ષા સહિત 1.11 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.


**DATE: 29/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### સેલંબાના ટ્રક ડ્રાઇવરની અટકાયત, 7.85 લાખનો મુદ્દામાલ જપ્ત

# રાજપારડી પાસેથી કતલના ઈરાદે લઈ જવાતી 14 ભેંસ પોલીસે મુક્ત કરાવી

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ગુજરાતમાંથી ગૌવંશ તથા અન્ય પશુઓને કતલ માટે મહારાષ્ટ્ર લઈ જવાની પ્રવૃતિમાં વધારો થતાં પોલીસ સક્રિય બની છે અને મહારાષ્ટ્રની સરહદની નજીક આવેલાં વિસ્તારોમાં પોલીસે સઘન વાહન ચેકિંગ હાથ ધર્યું છે. રાજપારડી નજીક આવેલાં તરસાલી ગામથી ભેંસો લઈને એક ટ્રક મહારાષ્ટ્રના કતલખાને જતી હોવાની



બાતમી પોલીસને મળી હતી. પીએસઆઈ મીર તથા તેમની ટીમે રાજપારડી પાસે વોચ ગોઠવી હતી.દરમિયાન બાતમી મુજબની ટ્રક આવતાં તેને રોકીને તલાશી લેવામાં આવી હતી. જેમાં 14 ભેંસ મળી આવી હતી.પશુઓને મુક્ત કરાવી 7.85 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. સેલંબાના જમાદાર ફળિયા રહેતો નાદીમ ઉર્ફે તસ્લીમ ગફાર મનીયાર વિરુધ્ધ પશુ ઘાતકીપણાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે એક ઈસમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

**DATE: 29/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### અંકલેશ્વરમાં નવજીવન હોટલની પાછળ પ્રિત ગુડસ કેરિયર્સમાં પોલીસનો દરોડો

# ટ્રાન્સપોર્ટની ઓફિસમાં જ જુગારનો અડ્ડો, 7 ખેલીઓ 21.87 લાખના મુદ્દામાલ સાથે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ।અંકલેશ્વર

અંકલેશ્વરમાં કાપોદ્રાની નવજીવન હોટલની પાછળ આવેલી ટ્રાન્સપોર્ટની ઓફિસમાં જુગાર રમતાં ટ્રાન્સપોર્ટર સહિત 7 ખેલીઓને પોલીસે 21.87 લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડયાં છે. ખેલીઓ પાસેથી બે કાર, એક બાઈક અને 6 મોબાઈલ અને 36,500 રૂ.રોકડા કબજે લેવાયાં છે. ટ્રાન્સપોર્ટની ઓફિસમાં કેટલા



સમયથી જુગાર રમાતો હતો તેની તપાસ પોલીસ ચલાવી રહી છે. ટ્રાન્સપોર્ટરે માલસામાનની હેરાફેરીના બદલે રૂપિયાની હેરાફેરી શરૂ કરી દેતાં ચર્ચાનો વિષય બન્યો છે.

કાપોદ્રાની નવજીવન હોટલ પાછળ પ્રિત ગુડસ કેરિયર્સ નામની ટ્રાન્સપોર્ટની ઓફિસમાં જુગારનો અડ્ડો ચાલી રહયો હોવાની માહિતી પોલીસને મળી હતી.

પોલીસને જોઇ ટ્રાન્સપોર્ટર સહિતના જુગારીયાઓ ફફડી ઉઠયાં હતાં. તાલુકા પોલીસની ટીમે આ કાર્યવાહી કરી હતી. ટ્રાન્સપોર્ટની ઓફિસમાં જુગાર રમતાં ટ્રાન્સપોર્ટર સપાલસિંગ અમરિકસિંગ સૈની, પ્રદીપકુમ્મર સિન્હા, દિવ્યાંશુ પાટીલ, અલી હસનસિદ્દીકી અને સુરેન્દ્ર સિંહ સતદેવસિંહને રંગે હાથ ઝડપી પાડ્યા હતા. જુગારીઓ પાસેથી 36,500 રૂપિયાની રોકડ રકમ મળી આવી હતી. ઓફિસની બહારથી બે કાર અને એક બાઈક સહિત કુલ 21.87 લાખનો મુદ્દામાલ કબજે લેવાયો છે. આ ઓફિસમાં કેટલા સમયથી અડ્ડો ચાલતો હતો અને કોણ કોણ જુગાર રમવા માટે આવતું હતું તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

**DATE: 30/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 07**

### જૂનાદીવાથી કડકિયા કૉલેજ પાછળ અંતરિયાળ માર્ગ પર બનેલો બનાવ

# અંકલેશ્વરમાં આરોગ્ય કર્મીને ચપ્પુની અણીએ લૂંટનાર ત્રણ ઈસમો ઝડપાયા

## મોબાઈલ અને ૧૭૦૦ રૂપિયા રોકડાની લૂંટ ચલાવી હતી

। અંકલેશ્વર ।

પોલીસ સૂત્રીય માહિતી મુજબ ભરૂચ ના ઝાડેશ્વર ની સોમેશ્વર પાર્ક સોસાયટીમાં રહેતા મયુરસિંહ ડોડીયા અંકલેશ્વરના જુના દીવા ગામના સબ સેન્ટર પી.એચ.સી માં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓ ગત તા ૨૭ ડિસેમ્બર ના રોજ સાંજ ના અરસામાં પોતાની બાઈક ઉપર માતા અને બાળકો માટે ની વેક્સીન તેમજ બ્લડ સેમ્પલની સ્લાઈડો લઈ જુના દિવા ગામથી કડકિયા કોલેજ રોડ ઉપર થી સજોદ પી.એચ.સી સેન્ટર ખાતે જતા હતા. દરમ્યાન એકટીવા ઉપર આવેલ ત્રણ શખ્સો એ બાઈક ને આંતરીને ત્રણેય શખ્સો એ મયુરસિંહ ને ઉભા રાખી મોબાઈલ લૂંટી લીધો હતો.અને એક્ટિવા ઉપર અપહરણ કરી અવાવરું જગ્યા એ લઈ જઈ ગળા પર ચપ્પુ મૂકી તેની પાસે થી ૧૭૦૦ રૂપિયા કાઢી લીધા હતા. ત્રણેય લૂંટારીઓ એટલે થી ન અટકતા એ.ટી.એમ અને ક્રેડિટ કાર્ડ ના પાસવર્ડ માગતા મયુરસિંહ એ ખોટા પાસવર્ડ આપ્યા હતા જે બાદ મોબાઈલ ખોલાવી તપાસ કરતા પાસવર્ડ ખોટો હોવાનું જણાતા લૂંટારૂઓએ મયુરસિંહની પીઠ ના ભાગે ચપ્પુ મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. આ અંગે ભરૂચ એલસીબી ટિમને આ લૂંટના બનાવમાં સુરતના માંગરોળ તાલુકાના કોઠવા ગામના મયુર કાદર શાહ અને ફૈઝાન અસ્લમ શેખ, મોટી નરોલી ગામનો સમીર નાશીર શેખ સંડોવાયેલા હોવાની મળેલી માહિતી ના આધારે કોઠવા ગામ ખાતે પહોંચી જઈ દરગાહ પાસે થી મયુર કાદર શાહ ,ફૈઝાન શેખ અને સમીર શેખ ની ધરપકડ કરી મુદ્દામાલ રીકવર કર્યો હતો.

**DATE: 30/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 07**

### ૧૭ ગૌવંશ અને ૧૧ પાડાઓ બચાવ્યા : બેની અટક

# ભરૂચબદરપાર્કવિસ્તારમાંથી કતલ કરેલું ગૌમાંસ ઝડપાયું

। ભરૂચ ।

ભરૂચ નગરના બદરપાર્ક સોસાયટીની પાછળ આવેલ બાવળની ઝાડીઓમાંથી પોલીસને મળેલ બાતમીના આધારે કતલ કરેલ હાલતમાં ગૌમાંસ તેમજ ૧૭ ગૌવંશ તેમજ ૧૧ પાડાઓને બી. ડીવીઝન પોલીસે બચાવી લીધા હતા આ અંગે બે આરોપીઓની અટક કરવામાં આવી હતી. જયારે એક આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવેલ છે.

ભરૂચ બી.ડીવીઝન પીઆઈ એચ.જે.સોલંકીએ ગૌવંશના ગુનાઓ અટકાવવા માટે ભરૂચ શહેર બી.ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓની અલગ અલગ ટીમો બનાવી ગૌવંશના કેસો શોધી કાઢવા માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. જે દરમ્યાન આજરોજ પીઆઈ એચ.જે. સોલંકીને બાતમી મળી હતી કે, ભરૂચ શહેરના બદરપાર્ક સોસાયટીની પાછળ આવેલ બાવળની ઝાડીઓમાં ગૌવંશ અંગેનો ગુનો બન્યો છે જેથી આ અંગે બી.ડીવીઝન પોલીસે રેડ કરતા એક ગાય કાપેલી હાલતમાં મળી આવી હતી. જેનું વજન આશરે ૨૯૦ કિલોગ્રામ તથા એક મોટી ગાયને જીવતી બચાવી લેવામાં આવી હતી અને ૧૭ વાછરડાને પણ બચાવી લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત નજીકમાં બાંધેલા નાના પાડા કુલ ૧૧ ને પણ બચાવી લેવાતા કુલ ૨૮ પશુઓને ક્રુરતાપુર્વક રાખવામાં આવ્યા જેને મુકત કરવામાં આવ્યા હતા. આ અંગે બે આરોપીઓ સાજીદ સફીઉદ્દીન શેખ, રહે.અલફલાહ પાર્ક સોસાયટી, ગુલામહુસેન ગુલામદસ્તગીર શેખ, રહે.પીપળી મહોલ્લો, બંન્ને રહે.ભરૂચ. તેમજ વોન્ટેડ આરોપી અસફાક શફીઉદ્દીન શેખ, રહે.અલફલાહ પાર્ક, ભરૂચ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ઘી

**DATE: 30/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### એસપીની અધ્યક્ષતામાં લોક દરબાર કાર્યક્રમ યોજાયો

# માર્ચ મહિના સુધીમાં નેત્રંગ પોલીસ સ્ટેશન પીઆઈ કક્ષાનું બનાવી દેવાશે

### ચાર રસ્તા પર અકસ્માતો રોકવા પણ વિશેષ પગલાંની ખાતરી

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ




ભરૂચ જિલ્લાના તાલુકા મથક નેત્રંગ ખાતે આવેલાં પોલીસ સ્ટેશનને માર્ચ મહીના સુધીમાં પીઆઇ કક્ષાનું બનાવી દેવામાં આવશે તથા નેત્રંગ ચાર રસ્તા ખાતે અકસ્માતમાં 3 મહિનામાં 26 લોકોના મોત થવાની ઘટના ઘણી ગંભીર છે અને અહીં અકસ્માતો નિવારવા માટે યોગ્ય પગલાં ભરાશે તેમ એસપી મયુર ચાવડાએ જણાવ્યું હતું. નેત્રંગ ખાતે લોક દરબાર કાર્યક્રમમાં એસપીએ સ્થાનિકોની રજૂઆતો સાંભળી હતી.

નેત્રંગ પોલીસ સ્ટેશનનું વર્ષનું ઈન્સ્પેક્શન અને એસપીનો લોકદરબાર ભક્તિધામ સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયો હતો.એસપી મયુર ચાવડાએ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં માર્ચ સુધીમાં પીઆઈની પોસ્ટીંગ થઈ અપગ્રેડ થઈ જશે. ટ્રાફિકની સમસ્યા જિલ્લામાં દૂર કરી પરંતુ નેત્રંગ ચાર રસ્તા ઉપર ટ્રાફિકની સમસ્યા છે .26 લોકો અકસ્માતમાં 3 મહિનામાં મૃત્યુ પામ્યા છે જે આંકડા બોલે છે.ટ્રાફિક હળવો કરવા પ્રયાસ કરીએ છીએ. એસપીએ વધુમાં કહયું હતું કે. તેઓ જિલ્લામાં ખાનગી ગાડીમાં ફરું છું જેથી વાસ્તવિકતા ધ્યાનમાં આવે. અકસ્માત અટકાવવા લોક ભાગીદારી જરૂરી છે.મહેકમ અને સ્ટાફ વધારવાનો પ્રયાસ આગામી દિવસોમાં કરાશે તેવી તેમણે ખાતરી આપી હતી. ટ્રાફિક ,વુમન અને ચાઈલ્ડ ક્રાઈમ અને સાયબર સિક્યોરિટી આ અમારી ત્રણ મુહિમ છે.જેના ઉપર અમે કામ કરીએ છીએ.કોઈ અજાણ્યાના ઓટીપી,લિંક અને ફોટો ખોલવા નહિ .ધૂમ બાઈકના પ્રશ્નો છે જેના ઉપર અમે કાયદેસર કાર્યવાહી કરશું.ડ્રીંક અને ડ્રાઈવના લીધે અકસ્માત થઈ રહ્યા છે તેના નિરાકરણ માટે સ્પીડ ગન હવે અમારી પાસે આવશે તેનાથી અમે હવે સ્પીડથી બાઈક ચલાવતા યુવાનો ઉપર અમારી નજર રહેશે.બીજું ડ્રગસ્ બાબતે પણ એલર્ટ થઈ જજો કોઈ એવું હોય તો અમને જાણ કરશો. અંકલેશ્વરના સર્કલ પીઆઈ ભાવના મહેરીયાએ પોક્સો એક્ટ વિશે જાણકારી આપી હતી. નાની ઉંમરની દીકરીઓને લગ્નની લાલચે ભગાડી જવાના કિસ્સાઓને તેમણે ચિંતાજનક ગણાવ્યાં હતાં. આ બાબતે યુવાનો અને વાલીઓએ જાગૃત થવાની જરૂરીયાત પર તેમણે ભાર મુક્યો હતો. ગામના આગેવાનોએ હાજર રહી નગરની વિવિધ સ્મસ્યાઓ વર્ણવી હતી.


**DATE: 31/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

# દાહોદથી ચોરાયેલી રિક્સા સાથે શખ્સ ઝડપાયો

ભરૂચ । આમોદ તાલુકામાં દાહોદ,ગોધરા તરફનો એક ઈસમ નંબર પ્લેટ વિનાની રિક્ષા લઈ ફરી રહ્યો છે.જેવી બાતમીના આધારે પોલીસે આમોદથી ભીમપુરા ગામ તરફ જવાના રોડ ઉપર વોચ ગોઠવી હતી. પોલીસે બાતમી વાળી રિક્ષા આવતા તેને અટકાવી હતી અને રીક્ષા ચાલક પાસે દસ્તાવેજો માંગતા તેણે સંતોષકારક જવાબ નહીં આપતા પોલીસે ગરબાડાના ભૂરીયા ફળિયામાં રહેતો ભાનુ હરસિંગભાઈ ભુરીયાની શંકાસ્પદ હાલતમાં અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 31/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

# થર્ટી ફર્સ્ટ પહેલાં ભરૂચ જિલ્લામાં ચેકિંગ



જંબુસર । થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે લોકો સજ્જ બની રહયાં છે ત્યારે પોલીસે પણ દારૂ સહિતની અસામાજીક પ્રવૃતિને ડામવા માટે કમર કસી છે. જિલ્લામાં સઘન વાહન ચેકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. જંબુસર નગરના મુખ્ય રસ્તા ઉપર ડાભા ચોકડી સેન્ટર પ્લાઝા એસટી ડેપો સર્કલ ટંકારી ભાગોળ સહિતના વિસ્તારોમાં વાહનોની તપાસ કરવામાં આવી હતી.

### હોટલો-ગેસ્ટહાઉસો અને સોસાયટીઓમાં તૈયારી શરૂ

# આજે થર્ટિફર્સ્ટની કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે ઉજવણી થશે

## ભરૂચ જિલ્લા પોલીસવડાએ કાયદાની હદમાં રહીને ઉજવણી કરવા જણાવ્યું

| ભરૂચ |

ભરૂચ પંથકમાં આજે ૩૧મી ડિસેમ્બરની ઉજવણી કરવા અંગે થનગનાટ જણાય રહ્યો છે.

ભરૂચ નગર અને આસપાસના વિસ્તારોમાં ઠેર ઠેર નાની મોટી પાર્ટીઓનું આયોજન પણ કરવામાં આવી રહ્યુ છે. ૩૧મી ડિસેમ્બરને સામાજીક ઉત્સવ તરીકે પણ ઉજવવાનું કેટલીક સોસાયટીઓમાં નક્કી કરવામાં આવ્યુ છે. સાથે જ સંગીત અને સમુહ ભોજનના કાર્યક્રમ પણ યોજાયા છે. ભરૂચ જિલ્લામાં આવેલ વિવિધ કોર્પોરેટ કંપનીઓ દ્વારા પણ થર્ટીફસ્ટની ઉજવણી અંગે આયોજન કરાયુ છે. ત્યારે મળતી માહિતી મુજબ કંપનીના ગેસ્ટહાઉસથી માંડીને કંપનીના ક્વાર્ટસના ટેરેસ પર ડી.જે. સાઉન્ડ સીસ્ટમ સાથે ભોજનના કાર્યક્રમોનું આયોજન કરાયુ છે. આવા આયોજનમાં વડોદરા અને સુરત તેમજ મુંબઈના સંગીત કલાકારોને પણ બોલાવાયા હોવાનું જાણવા મળી રહ્યુ છે. ફાર્મહાઉસ પણ આવી થર્ટીફસ્ટની ઉજવણીની મહેફીલના આયોજનમાં બાકી રહ્યા નથી. કેટલાક ધનિકો અને રાજકારણીઓના ફાર્મહાઉસ પર પણ થર્ટીફસ્ટની ઉજવણી અંગે નજીકના મિત્રો અને તેમના કુટુંબો માટે પાર્ટીઓનું આયોજન કરવામાં આવ્યુ છે. ૩૧ મી ડિસેમ્બર એટલે કે મહિનાનો અંતિમ દિવસ અને રાત્રીના ૧૨ વાગ્યાના સુમારે નાની મોટી પાર્ટીઓનું આયોજન કરી રહ્યા છે. ભરૂચ પંથકમાં દારૂના રસિયાઓ પોતાની દારૂની તલબ છીપાવવા માટે વિદેશી દારૂ અને બીયરની બોટલો મેળવવા ધમપછાડા કરતા હોય છે. આવા સમયે ભરૂચ જિલ્લા પોલીસ વડાએ જણાવ્યુ છે કે, ૩૧મી ડિસેમ્બરે કાયદાની હદમાં રહીને જેને જે ઉજવણી કરવી હોય તે કરી શકે છે પરંતુ જયારે કાયદાનો ભંગ થશે તે જ સેકન્ડે પોલીસ કોઈપણ ચમરબંધીને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં સંકોચ અનુભવશે નહી.